1. સંચાર એટલે શું?

- એક સ્થળેથી બીજા સ્થળે માહિતી અથવા સંદેશો મોકલવી કે પ્રાપ્ત કરવાની વિસ્તૃત વ્યવસ્થાને સંચારતંત્ર કહે છે. ટેલિફોન, સેલફોન, ઈમેઈલ, ટપાલસેવા, આંગડિયા (કુરિયર, ફેંક્સ, ઇન્ટરનેટ)વગેરે વ્યક્તિગત સંચારતંત્રનાં મુખ્ય સાધનો છે.

2. સંચાર એટલે શું? વ્યક્તિગત સંચારતંત્રનાં સાધનો જણાવો. (March 18)

- એક સ્થળેથી બીજા સ્થળે માહિતી અથવા સંદેશો મોકલવી કે પ્રાપ્ત કરવાની વિસ્તૃત વ્યવસ્થાને સંચારતંત્ર કહે છે. ટેલિફોન, સેલફોન, ઈમેઈલ, ટપાલસેવા, આંગડિયા (કુરિયર), ફેંક્સ, ઇન્ટરનેટ)વગેરે વ્યક્તિગત સંચારતંત્રનાં મુખ્ય સાધનો છે.

3. ભારતમાં આધુનિક પ્રકારની ટેલિફોન સેવાઓના વિકાસમાં કોનો ફાળો છે?

- ભારતમાં આધુનિક પ્રકારની ટેલિફોન સેવાઓના વિકાસમાં સામ પિત્રોડાનો ફાળો છે.

4. ભારતમાં ટેલિવિઝનનું પ્રથમ પ્રસારણ ક્યાં અને ક્યારે થયું?

- ભારતમાં ટેલિવિઝનનું પ્રથમ પ્રસારણ 15 સપ્ટેમ્બર, 1959માં દિલ્લી ખાતે કરવામાં આવ્યું.

5. ભારતનો પ્રથમ ઉપગ્રહ કયો હતો? (March 19)

- ભારતનો પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટ હતો.

6. અદ્યતન કમ્પ્યુટરના પિતા તરીકે કોણ ઓળખાય છે? (July 18).

- બેબેજને અદ્યતન કયૂટરના પિતા તરીકે ઓળખાય છે.

7. દૂરસંચારનાં મુખ્ય સાધનો કયાં કયાં છે ?

- રેડિયો, ટેલિવિઝન, ફેંક્સ, ટેલિફોન, સેલફોન, ઇન્ટરનેટ, ઈમેઈલ વગેરે દૂરસંચારનાં મુખ્ય સાધનો છે.

8. સંચારતંત્ર એટલે શું? (March 18)

- એક સ્થળેથી બીજા સ્થળે માહિતી અથવા સંદેશો મોકલવા કે પ્રાપ્ત કરવાની વિસ્તૃત વ્યવસ્થાને સંચારતંત્ર કહે છે,

9. સમૂહ સંચારતંત્રનાં માધ્યમો જણાવો.

- સમાચારપત્રો, સામયિકો, આકાશવાણી, દૂરદર્શન, ફિલ્મો વગેરે સમૂહ સંચારતંત્રનાં માધ્યમો છે.

10. સમૂહ સંચારતંત્રનાં માધ્યમો જણાવો.

- સમાચારપત્રો, સામયિકો, આકાશવાણી, દૂરદર્શન, ફિલ્મો વગેરે સમૂહ સંચારતંત્રનાં માધ્યમો છે.

11. વ્યક્તિગત સંચારતંત્રમાં ક્યાં માધ્યમોનો સમાવેશ થાય છે? (March 18, July 18)

- વ્યક્તિગત સંચારતંત્રમાં ટેલિફોન, ફક્સ, ઈ મેઈલ, ટપાલસેવા અને અગડિયા સેવા વગેરેનો સમાવેશ થાય છે.

12. યુ.એસ.એ.માં શહેરીકરણનું મુખ્ય પરિબળ કોને ગણવામાં આવે છે ?

- ટેલિફોન સેવાને યુ.એસ.એ. માં શહેરીકરણનું મુખ્ય પરિબળ ગણવામાં આવે છે.

13. ફેક્સ એટલે શું?

- એક સ્થળના કાગળ પરનાં લખાણ કે ચિત્રોની આબેહુબ પ્રતિકૃતિ અન્ય સ્થળના કાગળ પર ફૅક્સ મશીન દ્વારા છાપવાની પ્રક્રિયાને ફૅક્સ કહે છે.

14. સૌથી મોટી ઈલેક્ટ્રોનિક પ્રણાલી કઈ છે?

- ઈન્ટરનેટ સૌથી મોટી ઈલેક્ટ્રોનિક પ્રણાલી છે.

15. ઈન્ટરનેટ એટલે શું?

- ઈન્ટરનેટ એટલે કોઈ એક મધ્યસ્થ સંસ્થા દ્વારા ટેલિફોનની મદદથી અથવા સ્વતંત્ર સંદેશાવ્યવહારની મદદથી સંદેશવ્યવહાર માટે રચાયેલું કમ્પ્યુટરનું જાળું.

16. વિશ્વને આવરી લેતા ઈન્ટરનેટને કયા નામથી ઓળખવામાં આવે છે?

- વિશ્વને આવરી લેતા ઈન્ટરનેટને ‘world wide web' (www) થી ઓળખવામાં આવે છે.

17. ઈમેઈલ એટલે શું?

- ઈન્ટરનેટની મદદથી કમ્પ્યુટર દ્વારા સંદેશો આપલે કરવાની પ્રક્રિયાને ઈ મેઈલ કહે છે. તે કાગળ વગરની ટપાલસેવા છે.

18. વિશ્વનું પ્રથમ મુદ્રિત વર્તમાનપત્ર કયું હતું?

- વિશ્વનું પ્રથમ મુદ્રિત વર્તમાનપત્ર ‘મૉર્નિંગ પોસ્ટ’ (1772) હતું.

19. ભારતમાં પ્રથમ સમાચારપત્ર કોણે અને ક્યારે પ્રકાશિત કર્યું હતું?

- ભારતમાં પ્રથમ સમાચારપત્ર 1780માં અંગ્રેજ જેમ્સ ઑગસ્ટસ હિકીજાએ પ્રકાશિત કર્યું હતું.

20. ભારતનું પ્રથમ કયું સમાચારપત્ર પ્રકાશિત થયું? (March 18)

- ભારતનું પ્રથમ સમાચારપત્ર ‘બંગાળ ગૅઝેટ’ પ્રકાશિત થયું.

21. સમાચારપત્ર 'સંવાદ કૌમુદી'ના પ્રકાશક કોણ હતા?

- સમાચારપત્ર 'સંવાદ કૌમુદી'ના પ્રકાશક રાજા રામમોહનરાય હતો.

22. ગુજરાતી ભાષાનું પ્રથમ સાપ્તાહિક સમાચારપત્ર કર્યું હતું?

- ગુજરાતી ભાષાનું પ્રથમ સાપ્તાહિક સમાચારપત્ર 'મુંબઈ સમાચાર' હતું.

23. ગુજરાતી ભાષામાં પ્રકાશિત થતાં સામયિકોનાં નામ આપો.

- ગૃહશોભા, અખંડ આનંદ, કુમાર, ચિત્રલેખા, રોજગાર સમાચાર, સફારી, નવનીત, સમર્પણ, બાલસૃષ્ટિ વગેરે સામયિકો ગુજરાતી ભાષામાં પ્રકાશિત થાય છે.

24. 'ઑલ ઇન્ડિયા રેડિયો'નું નામ બદલીને કયું નામ અપાયું?

- 'ઑલ ઇન્ડિયા રેડિયો'નું નામ બદલીને 'આકાશવાણી નામ અપાયું.

25. દૂરદર્શન એટલે શું?

- ધ્વનિસહ દશ્ય કે ચિત્રનું વિદ્યુત ચુંબકીય તરંગો દ્વારા સંચારણ (Transmission) અને અભિગ્રહણ (Reception) કરતી પ્રયુક્તિ એટલે દૂરદર્શન.

26. વિશ્વમાં દૂરદર્શનનું પ્રથમ પ્રસારણ ક્યારે અને કયા દેશમાં થયું હતું ?

- વિશ્વમાં દૂરદર્શનનું પ્રથમ પ્રસારણ 1936માં યુ.કેમાં બી.બી. સી. દ્વારા થયું હતું.

27. ભારતમાં આકાશવાણીનું પ્રથમ પ્રસારણ ક્યારે અને ક્યાં થયું હતું ? (March 19)

- ભારતમાં આકાશવાણીનું પ્રથમ પ્રસારણ 1923માં મુંબઈ ખાતે થયું હતું.

28. દૂરદર્શનના બુનિયાદી કાર્યક્રમોની પ્રસારણ સેવાઓ કેટલા સ્તરની અને કઈ કઈ છે?

- દૂરદર્શનના બુનિયાદી કાર્યક્રમોની પ્રસારણ સેવાઓ ત્રણ સ્તરની છે : (1) સ્થાનિક, (2) પ્રાદેશિક અને (3) રાષ્ટ્રીય.

29. આધુનિક સમયનું વધુ વ્યાપક, ઝડપી અને પ્રભાવી સમૂહ માધ્યમ કયું છે ?

- દૂરદર્શન આધુનિક સમયનું વધુ વ્યાપક, ઝડપી અને પ્રભાવી સમૂહ માધ્યમ છે.

30. વિશ્વની સૌથી જૂની ફિલ્મ ઇન્ડસ્ટ્રિઝ કઈ છે?

- હૉલિવુડ એ વિશ્વની સૌથી જૂની ફિલ્મ ઇન્ડસ્ટ્રિઝ છે.

31. સૌપ્રથમ ચલચિત્ર ક્યાં અને ક્યારે રજૂ થયું હતું?

- 1884માં યુ.એસ.એ.માં લૉસ ઍંજિલીઝમાં હૉલિવુડ ખાતે સૌપ્રથમ ચલચિત્ર રજૂ થયું હતું.

32. ભારતમાં સૌપ્રથમ કઈ ફિલ્મ રજૂ થઈ હતી? ક્યારે ?

- ભારતમાં સૌપ્રથમ ફિલ્મ 1913માં રાજા હરિશ્ચંદ્ર રજૂ થઈ હતી.

33. ભારતમાં ફિલ્મ ઉદ્યોગનાં કેન્દ્રો જણાવો.

- ભારતમાં મુંબઈ, કોલકાતા, બેંગલૂરુ, હૈદરાબાદ, ચેન્નઈ વગેરે ફિલ્મ ઉદ્યોગનાં કેન્દ્રો છે.

34. વિશ્વમાં અંતરિક્ષ સંશોધનમાં કયા દેશો અગ્રેસર છે?

- વિશ્વમાં યૂ.એસ.એ. અને પૂર્વ સોવિયેત સંઘ અંતરિક્ષ સંશોધનમાં અગ્રેસર દેશો છે.

35. અંતરિક્ષમાં પ્રક્ષેપિત કરેલો પ્રથમ ઉપગ્રહ કયો હતો?

- અંતરિક્ષમાં પ્રક્ષેપિત કરેલો પ્રથમ ઉપગ્રહ સ્કૂટનિક1 હતો.

36. કઈ સેવાના કારણે દૂરદર્શન ઘટનાનું સીધું પ્રસારણ કરી શકે છે ? .

- ઉપગ્રહ સંચારસેવાના કારણે દૂરદર્શન પટનાનું સીધું પ્રસારણ કરી શકે છે,

37. આર્યભટ્ટ ઉપગ્રહને પ્રક્ષેપિત કરવા કયા દેશની મદદ લેવામાં આવી હતી?

- પૂર્વ સોવિયેત સંઘની મદદ લઈ આર્યભટ્ટ ઉપગ્રહને પ્રક્ષેપિત કરવામાં આવ્યો હતો.

38. કઈ સેવાઓના કારણે દૂરદર્શન અને રેડિયોસેવાઓ અસરકારક બની છે? .

- ઉપગ્રહની દૂરસંચાર સેવાઓના કારણે દૂરદર્શન અને રેડિયોસેવાઓ અસરકારક બની છે.